ગાંધીનગર સમાચાર

**શહેરી વિસ્તારના ગામોમાં પાણીના બોર બાદ પાઇપલાઇન અપગ્રેડ કરાશે**



પી એમ ના કોન્વોય નિકળવાના ટાંણે જ તોફાની વાંદરાઓ રાજભવન તોફાને ચઢતા પોલીસ માટે બે ઘડી શિરદર્દ ઉભો થયો હતો. રાજભવન પાસે માર્ગ વચાળે અડીંગો જમાવીને બેસી ગયેલી વાનરસેનાને દુર કરવા માટે બન્દોબસ્તમાં હાજર પોલીસ કર્મચારીઓમાં દોડધામ થઈ ગઈ હતી. રખડતા ઢોરનો ત્રાસથી સેકટરવાસીઓ ત્રાહીમામ પોકારી ગયા છે. ત્યારે હરિયાળી વનરાજીમાં કુદકા મારતા વાનરો પણ ગમે ત્યારે અકસ્માતનુ કારણ બને છે. પી એમ કોન્વોય પસાર થવાની પાંચ મિનિટ પુર્વે જ રાજભવન સ્ટાફ કવાર્ટસ થી સે-૧૯ તરફ જવાના માર્ગ પર અચાનક જ કુદકા મારતા વાંદરાઓના ટોળાએ માર્ગ વચાળે જ અડીંગો જમાવ્યો હતો. રાજયપાલના કોન્વોય બાદ પી એમ કોન્વોય હેલીપેડ તરફ જવા રવાના થવાની તૈયારીમાં જ હતો ત્યારે અચાનક જ ટપકી પડેલી વાંદરાઓની ટોળકીએ પોલીસને દોડતી કરી દીધી હતી.

# સે-૨૬ કિસાન નગરમાં પાણીની સમસ્યા હલ કરવા માટે નવો બોર બનશે

## જુના બોરને શરૂ કરવા માટે કેમેરાથી નિરિક્ષણ કરાયુ આખરે નવો બોર બનાવાનો નિર્ણય લેવાયો

ગાંધીનગર તા ૧૭

સે-૨૬ માં પાણીના બોરને શરૂ કરવા તંત્ર દ્વારા કેમેરાથી બોરની ચકાસણી કરવામાં આવી હતી.જો કે બંધ બોરના નિરિક્ષણના અંતે સમારકામ શક્ય ન હોવાનુ સ્પષ્ટ થતા તંત્ર દ્વારા નવો બોર બનાવાનો નિર્ણય લેવાયો છે. જેના લીધે સે-૨૬ કિસાનનગરમાં પાણીની સમસ્યા હલ થશે

શહેરી વિસ્તારમાં સમાવિષ્ટ ગામોમાં પાણીની પોકાર ડામવા માટે તંત્ર દ્વારા નવા બોર બનાવામાં આવશે. શહેરી વિસ્તારના પાલજ,બાસણ બોરીજ ઈન્દ્રોડા તેમજ ધોળાકુવા ગામમાં પાણીની બુમ ઉઠવા પામે છે. ગામની વધતી વસતી અને વિકાસને અનુલક્ષી પાણીની વધતી જરૂરિયાતને પહોંચી વળવા માટે તંત્ર દ્વારા રૂ ૨ કરોડના ખર્ચે બોર બાંધવાનો નિર્ણય લેવાયો છે. જયારે શહેરમાં કેટલાક સેકટરોમાં બોર બંધ હોવાનુ ધ્યાને આવ્યુ છે. જેને ધ્યાને લઈ તંત્ર દ્વારા સે-૨૬ના બંધ બોરને ચાલુ કરવા માટે નિરિક્ષણ કરવામાં આવ્યુ હતુ કેમેરાથી નિરિક્ષણ કરાયા બાદ આ બોર ચાલુ થઈ શકે તેમ ન હોવાનુ સ્પષ્ટ થતા તંત્ર કક્ષાએ નવો બોર બાંધવા માટે નિર્ણય લેવાયો છે. ટુંકમાં જ આ બોર બનાવાની કામગીરી શરૂ કરી દેવાશે. જેના લીધે સેકટરના કિસાનગર વિસ્તારમાં પ્લોટ નં ૩૩૯ થી ૩૫૦ માં પાણીની સમસ્યા પણ હલ થશે.સેકટરમાં લાંબા સમયથી પાણીનો બોર પુરાઈ જતા બિન ઉપયોગી બોરના લીધે પાણીની સમસ્યા વધુ ગંભીર બની છે. જેને નિવારવા માટે નવો બોર બનાવામાં આવશે. સે-૨૪ માં પણ પાણીની સમસ્યાને ડામવા માટે નવો બોર બાંધવામાં આવશે. જયારે શહેરી વિસ્તારના ગામોમાં પાણીના નવા બોર બનાવવા માટે નવરાત દરમિયાન કામ શરૂ કરી દેવાશે.

# શહેરી વિસ્તારના ગામોમાં પાણીના બોર બાદ પાઈપલાઈન અપગ્રેડ કરાશે

## પાઇપલાઇન કામ માટે તંત્રએ વિભાગને દરખાસ્ત કરી

ગાંધીનગર તા ૧૭

શહેરી વિસ્તારના ગામોમાં વર્ષોથી માળખાગત સુવિધાઓનો અભાવ વર્તાય રહયો હોવાનો આક્રોશ પ્રબળ બન્યો છે. ગ્રામ્ય વિસ્તારમાં પાણી ગટર અને રસ્તા સહીતની માળખાકીય સુવિધાઓના દાયકાઓના અંતે પણ ઠેકાણા પડયા નથી.જયારે ઉનાળાની આકરી ગરમીમાં ગામોના કેટલાક વિસ્તારમા પાણી ન આવતા બેડાયુધ્ધ જેવી સ્થિતિ સર્જાય છે. જેને ધ્યાને લઈ તંત્ર દ્વારા પાણીના નવા બોર બનાવવા માટે આયોજન કરી દેવાયુ છે. જયારે બોરની સાથે પાઈપલાઈન અપગ્રેડ કરવા માટે પણ દરખાસ્ત કરી દેવાઈ છે.

શહેરી વિસ્તારના ગામોમાં પાણી ગટર અને રસ્તા સહીતની માળખાગત સુવિધાઓ અપગ્રેડ કરવાની અનિવાર્યતા હોવાની પ્રબળ માંગ પ્રવર્તી છે. શહેરી વિસ્તારના ગામોમાં વર્ષોથી ગ્રામજનો હાલાકી નિવારવા માટે પ્રબળ માંગ કરી રહયા છે. ત્યારે ગામોમાં પાણીની પોકાર ડામવા માટે તંત્ર દ્વારા નવા બોર બનાવાની કાર્યયોજના આખરી કરી દેવાઈ છે. આગામી દિવસોમાં પાણીની સમસ્યા હલ થઈ જશે તેમ પણ મનાઈ રહયુ છે. જયારે ગામની ટોપોગ્રાફીને ધ્યાને લઈ પાણીની પાઈપલાઈનનુ કામ હાથ ધરવાની પણ અનિવાર્યતા હોવાથી તંત્ર દ્વારા આ મામલે વિભાગને દરખાસ્ત કરી દેવાઈ છે. જેથી આગામી દિવસોમાં પાણીની પાઈપલાઈન અપગ્રેડ કરવા માટે કામ હાથ ધરાશે જો કે પાઈપલાઈનની કામગીરી માટે યોગ્ય અભ્યાસના અંતે ટોપોગ્રાફીને ધ્યાને લઈ નિચાણવાળા વિસ્તારને અગ્રતા આપી કામ હાથ ધરવા માટે વિચારણા હાથ ધરવામાં આવી રહી છે. હાલ ગામમાં કેટલાક નિચાણવાળા વિસ્તારમાં પાણી ફોર્સથી આવતુ ન હોવાની બુમ ઉઠવા પામી છે. જયારે આગામી દિવસોમાં બોર અને પાઈપલાઈનનુ કામ તબક્કાવાર પુર્ણ કરાયા બાદ પાણીની સમસ્યા સંપુર્ણ હલ થઈ જશે

# ધો-૧૦ ના વિદ્યાર્થીઓને ટેલેન્ટ સર્ચ કસોટી માટે પ્રોત્સાહીત કરવા પ્રયાસ

## રાજય પરીક્ષા બોર્ડ દ્વારા લેવાતી આ કસોટી અન્વયે પ્રતિમાસ ૨ હજાર સુધીની સ્કોલરશીપ આપવામાં આવે છે : ગત વર્ષે ૧૬૩૪ એ કસોટી આપી હતી

ગાંધીનગર તા ૧૬

નેશનલ ટીચર્સ સર્ચ એકઝામિનેશન અન્વેય જિલ્લામાંથી વિદ્યાર્થીઓમાં રહેલી ટેલેન્ટને શોધવા માટે રાજય પરિક્ષા બોર્ડ દ્વારા કસોટી લેવામાં આવે છે. જયારે આ કસોટીમાં ઉત્તિર્ણ થનાર વિદ્યાર્થીને ધો-૧૧થી પોસ્ટ ગ્રેજયુએશન સુધી શિષ્યવૃતિ આપવામાં આવે છે. આ યોજના અન્વયે મહત્તમ વિદ્યાર્થીઓને લાભ મળે તે માટે જિલ્લા શિક્ષણતંત્ર દ્વારા શાળાના આચાર્યો સાથે બેઠક યોજવામાં આવી હતી. જેમાં મહત્તમ વિદ્યાર્થીઓને આ અંગે માર્ગદર્શન આપવા માટે પણ સુચવાયુ હતુ. ગત વર્ષે જિલ્લામાંથી ૧૬૩૪ વિદ્યાર્થીઓએ આ પરિક્ષા આપી હતી.

જિલ્લાની શાળાઓમાં ધોરણ-૧૦ માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે પ્રતિવર્ષ નેશનલ ટેલેન્ટ સર્ચ એકઝામિનેશનનુ આયોજન કરવામાં આવે છે. ગત વર્ષે પણ જિલ્લામાંથી ૧૬૩૪ વિદ્યાર્થીઓએ આ કસોટી આપી હતી. આ યોજના અન્વેય વિદ્યાર્થીઓને ધો-૧૧થી પોસ્ટ ગ્રેજયુએશન સુધી પ્રતિમાસ ૧૨૫૦ થી ૨ હજાર સુધીની શિષ્યવૃતિ ચુકવવામાં આવે છે. જયારે આ કસોટી રાજય પરિક્ષા બોર્ડ દ્વારા લેવામાં

● અનુસંધાન પાન-૭ પર

# ડભોડાના કલ્યાણપુરામાં નવા શૈક્ષણિક સત્રથી ધો. ૧ થી ૫ ની સરકારી શાળા કાર્યરત કરાશે

## દેવકરણના મુવાડા પગાર કેન્દ્રનું વિભાજન કરી વધુ એક નવુ પગાર કેન્દ્ર પણ બનાવવામાં આવશે

ગાંધીનગર, તા. ૧૭

ગાંધીનગર જિલ્લાના દહેગામ તાલુકામાં દેવકરણ મુવાડા પગાર કેન્દ્રને વિભાજીત કરી એક નવુ પગાર કેન્દ્ર બનાવવાનો મહત્વનો નિર્ણય જિલ્લા પંચાયતની શિક્ષણ સમિતિએ લીધો છે.

આ પગાર કેન્દ્રમાં ૨૩ જેટલી શાળાઓ આવતી હોવાથી કાર્યભારણ પગાર કેન્દ્રનું વધુ રહેતુ હોવાની મળેલ રજુઆતનો શિક્ષણ સમિતિએ સ્વીકાર કર્યો છે અને તાલુકા પ્રા. શાળાના અધિકારીને આ અંગેની દરખાસ્ત મોકલી આપવા તેમજ તેને વહીવટીય મંજૂરી આપવાની દરખાસ્ત જિલ્લા પ્રાથમિક શાસનાધિકારીને સુપ્રત કરવામાં આવી છે.

જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિની મળેલી આ બેઠકમાં ગાંધીનગર તાલુકાના ડભોડા ગામના પેટા પરા કલ્યાણપુરામાં ધો. ૧ થી ૫ની નવી પ્રા. શાળા તેમજ દહેગામના નવી હરસોલી ખાતે પણ નવી પ્રા. શાળા ધો. ૧ થી ૫ ની શરૂ કરવા માટે તાલુકા પ્રા. શાસનાધિકારીઓને અહેવાલ મોકલવા જણાવાયું છે. જિલ્લામાં બે નવી સરકારી પ્રા. શાળાઓ શરૂ થનાર હોઈ તે માટેની આનુસંગિક તૈયારીઓ પણ શરૂ કરી દેવા માટેની તંત્રને સૂચનાઓ આપવા ઉપરાંત તેનું મોનીટરીંગ કરવા જણાવવામાં આવ્યું છે.

આ બેઠકમાં બે શાળાઓના એકીકરણને પણ બહાલી આપવામાં આવી છે. આ ઉપરાંત દહેગામના દેવકરણ મુવાડા પગાર કેન્દ્રમાં આવતી ગોપાલનગર પ્રા. શાળામાં ધો. ૬નો વર્ગ શરૂ કરવાની પણ મંજૂરી આપવામાં આવી છે.

# ગાંધીનગર જિલ્લા પંચાયતના ૧૨ કર્મયોગીની બદલી

ગાંધીનગર, તા. ૧૭

ગાંધીનગર જિલ્લા પંચાયત દ્વારા આજે ત્રણ જેટલા જુદા જુદા સંવર્ગના ૧૨ જેટલા કર્મચારીઓની બદલીના હુકમો જારી કરવામાં આવ્યા છે.

નાયબ ચીટનીસ સંવર્ગમાં તેમજ સિનીયર કલાર્ક સંવર્ગમાં અગાઉ અપાયેલ બઢતી બાદ આજે તેમની નિમણુંકો કરવામાં આવી છે. નાયબ ચીટનીસ તરીકે ફરજો બજાવતા એક મહિલા અધિકારીની બદલી કરાઈ છે. આ ઉપરાંત ત્રણ જુનિયર કલાર્કની બદલીના પણ હુકમો કરવામાં આવ્યા છે.

આજે નાયબ ચીટનીસ તરીકે અગાઉ બઢતી પામેલ અલ્કેશ શાહને પ્રમુખશ્રીના કાર્યાલયમાં, આર.કે. પટેલને કલોલ તાલુકામાંથી શિક્ષણ શાખામાં ગાંધીનગર ખાતે જ્યારે વી.એસ. મેવાડાને આરોગ્યમાંથી વિકાસ શાખામાં નિમણુંક અપાઈ છે. વિકાસ શાખામાં ફરજો બજાવતા મીનાબેનની ગ્રામ વિકાસ એજન્સીમાં નાયબ ચીટનીસ તરીકે બદલી કરવામાં આવી છે.

સિનીયર કલાર્ક સંવર્ગમાં ભરતસિંહ વાઘેલાને આરોગ્યમાંથી મહેકમ-૧માં, પ્રવિણસિંહ રાઓલને શિક્ષણમાંથી બ્લોક હેલ્થ ઓફિસ ગાંધીનગર તેમજ પી.કે. પટેલને કલોલ તા.પં.માંથી આઈ.સી.ડી.એસ.માં ખસેડવામાં આવ્યા છે. આ ઉપરાંત આ કેડરમાં અગાઉ બઢતી પામેલ પ્રકાશ મેવાડાને બાંધકામમાં, સુનીલ ચાવડાને શિક્ષણ શાખા તા.પં. કલોલમાં અને બી.સી. જાદવને શિક્ષણ શાખા જિ.પં.માં મુકવામાં આવ્યા છે.

જુનિયર કલાર્ક સંવર્ગમાં કે.એમ. સોલંકીને રજીસ્ટ્રી શાખામાં, ડી.કે. પટેલને આઈસીડીએલ ઘટક-૨માં અને એસ.કે. ઠાકોરને આઈસીડીએસ જિલ્લા પંચાયતમાં ખસેડવામાં આવ્યા છે.

જિલ્લા પંચાયતમાં હજુ પણ બદલીનો ગંજીફો આગામી દિવસોમાં ચીપાશે તેવા સંકેતો મળી રહ્યા છે. ૬૧ તલાટીઓની બદલી પછી આજે આ બદલીના હુકમો જારી કરવામાં આવ્યા છે. હજુ જુનિયર કલાર્કની જગ્યાઓનો ગંજીફો પણ ચીપાશે તેમ જાણવા મળેલ છે.

શ્રી ગાયત્રી વોચ કંપની ઉજવે છે... તેની ૩૫ મી વર્ષગાંઠ
નિમિત્તે કાંડા ઘડિયાળોની મહા એકસચેન્જ ઓફર
આપની કોઈપણ જુની કાંડા ઘડિયાળ લઈ આવો અને તેના બદલે મેળવો ગોલ્ડ પ્લેટેડ ૧ વર્ષની ગેરંટી સાથે નવી કાંડા ઘડિયાળ
દરેક ક્રેડિટ કાર્ડ સ્વીકાર્ય
સ્વીસ તેમજ જાપાનની કાંડા ઘડિયાળો સર્વિસ કરી આપવામાં આવશે.
ઓરીજનલ બટન સેલ તેમજ લેધર બેલ્ટ મળશે.
એ-૩, ડીસ્ટ્રીક્ટ શોપીંગ સેન્ટર, બેંક ઓફ મહારાષ્ટ્રની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
મો. ૯૮૨૪૧ ૫૯૪૭૪, ફોન. ૨૩૨૨૫૬૭૮
સમય : સવારે ૧૦ થી ૧.૩૦ બપોરે ૩.૩૦ થી ૯.૦૦ સોમવારે રજા રહેશે.

ગાંધીનગર કલ્ચરલ ફોરમ
નવલી નવરાત્રી ૨૦૧૬
૧ ઓક્ટોબર થી ૧૦ ઓક્ટોબર (૧૦ દિવસ)
ગરબા સ્થળ બાલનગરી ગ્રાઉન્ડ, ઘ-રોડ, સેક્ટર-૬, ગાંધીનગર
વિશાળ સાંસ્કૃતિક ઉત્સવમાં વ્યાપારિક સંપર્ક વધારવાની અજોડ તક
PARAM
ફૂડ સ્ટોલ્સ, ડીસ્પ્લે સ્ટોલ્સ, હોર્ડીંગ્સ-બેનર્સ, LED સ્ક્રીન જાહેરાત તથા ઈનામો માટે સંપર્ક કરો
ફૂડ સ્ટોલ્સ ડીસ્પ્લે સ્ટોલ્સ માટે સંપર્ક | વિગતો સાથેની અરજી તા. ૨૩-૯-૨૦૧૬ સુધીમાં કાર્યાલય ખાતે પહોંચાડવી
ડૉ. પિયુષ દવે 96240 04380 | રાજન શાહ 96870 44321 | નિતુ વ્યાસ 99099 46064
હોર્ડીંગ્સ-બેનર્સ આપવા માટે સંપર્ક
ડૉ. રાજેશ શાહ 99250 08630 | શાંતિલાલ ઘોઘારી 98250 33740 | ચેતનાબેન બુચ 98258 16018
LED સ્ક્રીન જાહેરાત માટે સંપર્ક
જ્યોતિન્દ્ર વ્યાસ 98250 11227 | રાજન શાહ 96870 44321 | જયેશ પંચોલી 98248 28169
ઈનામ-ભેટ આપવા માટે સંપર્ક
પંકજ દેસાઈ 99254 60460 | ગુંજન વોરા 98790 29511 | મંથન ભટ્ટ 94284 15399
ગાંધીનગર કલ્ચરલ ફોરમ
C/O ગાંધીનગર સમાચાર કાર્યાલય ૬૮૪/૧, સેક્ટર - ૮, ગાંધીનગર.
ફોન - 079-23222571, 23237571, ફેક્સ- 079-23230571

# લાફા પ્રકરણની તપાસ ક્રાઈમ બ્રાંચને સોંપાઈ

અમદાવાદ, તા. ૧૬

અમદાવાદ એરપોર્ટ પર એક પીએસઆઈએ ડીસીપીને લાફો ઝીકી દેતા પોલીસ બેડામાં ચકચાર જગાવનાર આ લાફા પ્રકરણની તપાસ પોલીસ કમિશનરે ક્રાઈમ બ્રાન્ચને સોંપી છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી જન્મદિવસની પૂર્વ સંધ્યાએ શુક્રવારે અમદાવાદ એરપોર્ટ પર એક પીએસઆઈએ ડીસીપીને લાફો મારી દીધાને ઘટનાએ ચર્ચા જગાવી હતી. આ ઘટનાની તપાસ અમદાવાદ પોલીસ કમિશ્નરે ક્રાઈમ બ્રાન્ચને સોંપી છે. આ મામલાની ક્રાઈમ બ્રાન્ચના જીસીપી જે કે ભટ્ટ તપાસ કરશે. મળતી વિગતો મુજબ ડીસીપી એસ કે ગઢવીએ પીએસઆઈ આર એફ ચૌધરીના ખભા ઉપર સ્ટીક મારતાં પીએસઆઈ મિજાજ ગુમાવી બેઠા હતા. બંને વચ્ચે ઉગ્ર બોલાચાલી થતાં પીએસઆઈએ ડીસીપીને જાહેરમાં લાફો મારી દીધો હતો.

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
VINAYAK 500 TMT BARS - ISI
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

ઈંટનો શ્રેષ્ઠ, સસ્તો અને મજબૂત વિકલ્પ
ફ્લેટ, બંગલો, બાઉન્ડ્રી વોલ, ઈન્ડસ્ટ્રીયલ વોલ, સ્કૂલ, હોસ્પિટલ માટે
● ઈંટો કરતા વધારે મજબૂત અને ત્રીજા ભાગનું વજન
● ઝડપી કામ તેમજ સીમેન્ટ, રેતી, પાણી અને મજુરીમાં મોટી બચત
● ઓછી કિંમત
● દિવાલો ખૂબ જ ઓછી તપે જેથી અંદરનું વાતાવરણ ઠંડુ રહે
● ઉધઈ અને કીટક પ્રતિરોધક
● ઈલેક્ટ્રીક અને પ્લમ્બીંગ કામ માટે એકદમ સરળ
● મશીન કટ દ્વારા પરફેક્ટ સાઈઝ, એકધારી ગુણવત્તા
● ઘોંઘાટ સામે રક્ષણ (High Sound Insulation)
● દિવાલોમાંથી નિકળતા ક્ષારથી મુક્તિ
ડીલર ઈન્કવાયરી આવકાર્ય
ECO GREEN Autoclaved Aerated Concrete Blocks
ગાંધીનગર-ચિલોડા હાઈવે, આર્મી કેમ્પ સામે, તા. જી. ગાંધીનગર | ફોન : ૭૩૫૯૪૮૮૮૨૦
sales@ecogreenproducts.in | www.ecogreenproducts.in

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૮૧૪૦૪ ૬૦૭૬૭

Body Massaj
B&M Beauty Parlour & Full Body Massaj
Under Arm / Inner - Anti wrinkle Treatment.
Please Take appointment.
Home, Hostel, Hotel Services
Mob : 8758643799

ટચુકડી જાહેર ખબર
દર ગુરુવારે-રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com